અપીલ અરજી નં.૪૨ તા.૬–૫–૧૦/૧૧

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩–૪–૧૦ની અરજીથી પ્લોટ નં. બી–૧૩૧/૧૩૨ જલારામ નગર, હાઉસીંગ બોર્ડ (૧) ઉપરોકત સ્થળે તૈયાર થતું બાંધકામ મંજુર પ્લાન મુજબ થાય છેકે કેમ? જો મંજુર પ્લાન વિરૂધ્ધ થતું હોય તો તે બાંધકામ બાબતે આજદિન સુધીમાં આપના વિભાગે શી–શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. (૨) આ બાંધકામ અટકાવવા અંગે આપના વિભાગના ઉચ્ચ અધિકારી ધ્વારા કરાયેલા આદેશ નકલો આપશો. (૩) આ બાંધકામ વિરૂધ્ધ અત્યાર આપના વિભાગમાં આવેલ ફરિયાદ અથવા આરટીઆઈ હેઠળ આવેલ અરજીની નકલો તથા તે ફરીયાદ તથા આરટીઆઈ હેઠળની અરજી સામે આપના વિભાગે શી–શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૨/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૩–૪–૧૦ની અરજીથી પ્લોટ નં. બી–૧૩૧/૧૩૨ જલારામ નગર, હાઉસીંગ બોર્ડ (૧) ઉપરોકત સ્થળે તૈયાર થતું બાંધકામ મંજુર પ્લાન મુજબ થાય છેકે કેમ? જો મંજુર પ્લાન વિરૂધ્ધ થતું હોય તો તે બાંધકામ બાબતે આજદિન સુધીમાં આપના વિભાગે શી–શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. (૨) આ બાંધકામ અટકાવવા અંગે આપના વિભાગના ઉચ્ચ અધિકારી ધ્વારા કરાયેલા આદેશ નકલો આપશો. (૩) આ બાંધકામ વિરૂધ્ધ અત્યાર આપના વિભાગમાં આવેલ ફરિયાદ અથવા આરટીઆઈ હેઠળ આવેલ અરજીની નકલો તથા તે ફરીયાદ તથા આરટીઆઈ હેઠળની અરજી સામે આપના વિભાગે શી–શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૩ તા.૧૭–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીમાં જણાવ્યા મુજબ અગાઉ કોઈ અરજી કરી હોય તો તે તથા મળેલ પ્રત્યુત્તરની નકલ મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદાર તરફથી પણ અપીલ તબકકે કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ ઉધનાઝોનમાં કરવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દિન–૩૦ માં પ્રતિભાવ મળ્યો ન હોવાથી નારાજ થઈ તા.૬–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. તથા અરજદારે રજૂઆત કરેલ મુજબ અરજદારની પણ કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૪–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળઅરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,